શ્રી જલારામ મંદિર - શિકાગો દ્વારા પ્રકાશિત

# જલારામ દર્પણ

૪૨૫, ઈલીનોઈઝ બુલેવર્ડ, હોફ્મેન એસ્ટેટ્સ, ઈલીનોઈસ - ૬૦૧૬૯

Phone : (847) 490 JALA(5252) Fax : 847 519 2215

ઑગષ્ટ - ૨૦૨૦ | વર્ષ - ૧૧ | અંક - ૪૦

## :Program:

**Navratri Start**
Saturday, Oct. 17
Time: 8:30PM

**Mataji Havan**
Saturday, Oct. 24
Time: 4:30PM

**Navratri Dasera**
Sunday, Oct. 25

**Dhan Teras**
Friday, Nov. 13
**Laxmi Puja** : 5:45PM
**Sunderkand Path :**
8:00PM

**Diwali**
Saturday, Nov 14
**Sharda Pujan** : 6:00PM

**New Year**
Monday, Nov 16
**Mangla Aarti** : 6:00 AM
**Mahapuja**
11:00 to 12:00 Noon
**Annakut Aarti**
12:00 Noon

## *President's Massage*

*Respected Shree Jalaram devotees:*

*We pray together to Jalabapa that Jalaram Mandir families are safe and healthy during COVID-19 pandemic. In light of the pandemic and considering safety of our devotees, Mandir was closed on March 19, 2020 until further notice.*

*As state and federal government restrictions eased, our mandir is now open for Darshan on Thursday 4:00pm-7:00pm and Sunday 10:00am -12:30pm. We all hope COVID-19 is behind us soon and we can open our Mandir full-time and celebrate upcoming events.*

*On July 11th we celebrated Mandir 4th Patotsav Mahotsav with four yajaman families. Most of our devotees enjoyed this event LIVE on our web site.*

*Live Darshan and aarti are broadcast live on our web site.*

*The board members appreciate your support and dedication for this Mandir. We can not wait to see everyone in the mandir.*

*Meanwhile be safe.*

*Jay Jalaram*

*Bakul Thakkar,*
*Chairman*

*Dipak Thakkar,*
*President*

# ॥ સત્યમેવ જયતે... ॥

**સંકલન: પૂજ્ય ધર્મેન્દ્રભાઈ પંડયા**

સત્યના માર્ગમાં ન તો અડચણ હોય છે કે ન તો કોઈ મુશ્કેલી. એટલા માટે, મનુષ્યએ તેના આચરણમાં સત્યને ધારણ કરવું જોઈએ. ઋગ્વેદના આ બોધસૂત્રને ચરિતાર્થ કરતું એક કથાનક આપણે વાંચીયે –

ગામના છેવાડે ઘાસની એક ઝૂપડીમાં જબાલા રહેતી હતી. એના દીકરાનું નામ સત્યકામ. માતા બાળક સત્યકામને ઋષિમુનિઓની અને આશ્રમોની વાતો કરતી. પોતાનો બાળક ભણીગણીને મહાન બને એવી એની ઈચ્છા હતી. છોકરો મોટો થતાં માતાએ એને ગૌતમ ઋષિના આશ્રમમાં ભણવા માટે મોકલ્યો. ઋષિને પ્રણામ કરી એ બોલ્યો: 'ભગવન, મને બ્રહ્મચર્યની દીક્ષા આપો અને આપનો શિષ્ય કરો.'

ઋષિએ સ્નેહભરી વાણીમાં કહ્યું: 'બેટા, તું ક્યા કુળનો છે? તારું ગોત્ર કયું?' છોકરાને એ અંગે કોઈ ખબર નહોતી. તેણે કહ્યું: 'આજ્ઞા કરો તો હું ઘરે જઈ મારી માતાને પૂછી આવું.' ગુરુની આજ્ઞા મેળવીને છોકરાએ ઘરે આવીને માતાને પૂછ્યું: 'મા, ગુરુજી મારું કુળ અને ગોત્ર પૂછે છે. હું તેમને શું કહું?'

માતાની આંખમાં આંસુ આવી ગયાં. તેણે જિંદગીમાં ઘણું દુઃખ વેઠયું હતું. યુવાનીમાં ઘણી જગ્યાએ દાસીવૃત્તિ અને સેવા-પરિચર્યા કરવી પડી હતી. તે દરમ્યાન તેને ખોળે પુત્રનો જન્મ થયો હતો. એટલે પિતાના ગોત્રની એને ખબર નહોતી. તે પછી તે આ ઝૂપડીમાં એકલી રહેતી હતી. સત્યકામને એણે હમેશાં જગત ના જૂઠ અને પ્રપંચોથી દૂર રાખ્યો હતો, તેની આગળ તેણે હમેશાં સત્યનો મહિમા ગાયો હતો. હવે શું જૂઠું કુળ અને ગોત્ર કહેવું ને સત્યની સાથે સંતાકૂકડી રમવી? અસત્યથી એના જીવનની શરૂઆત કરાવવી? નહિ, જે સાચું છે તે જ હું કહીશ. પછી જે થવાનું હોય તે થાય. આમ વિચારીને તેણે કહ્યું: 'બેટા, તારા કુળ અને ગોત્રની મને ખબર નથી. બહુ લોકોની પરિચર્યા કરી યૌવનમાં હું તને પામી

છું. મારું નામ જબાલા, તારું નામ સત્યકામ. તું જબાલાપુત્ર સત્યકામ છે એમ કહેજે.' સત્યકામની માતા ભલા સત્ય ને કેમ છોડી શકે?

સત્યકામ આશ્રમમાં પાછો આવ્યો. તેણે ગુરુને વંદન કરી કહ્યું: 'ભગવાન, મારી માતાને પણ મારા કુળ અને ગોત્ર ની ખબર નથી. તેણે મને કહ્યું કે ખુબ લોકોની પરિચર્યા કરી હું યૌવનમાં તને પામી છું. તું જબાલાપુત્ર સત્યકામ છે એમ કહેજે!'

ગુરુ ગૌતમે બાળકનું નિર્મલ સત્યપ્રિય અંતર વાંચ્યું. તેની માતાનું પણ તેમણે તેવું જ નિર્મલ સત્યપ્રિય અંતર જોયું. સત્યનિષ્ટ ઋષિને મન સત્યથી મોટું કંઈ જ નહોતું. તેઓ માનતા કે સત્યને વળગી રહે તે બ્રાહ્મણ. આ અર્થમાં સત્યકામ અને તેની માતા બ્રાહ્મણ હતા. ગુરુએ સત્યકામના મસ્તક પર હાથ મૂકી કહ્યું: 'બેટા, તું બ્રાહ્મણ છે. બ્રાહ્મણ સિવાય કોઈ આવડું મોટું સત્ય બોલી શકે નહિ. હું તને મારા શિષ્ય તરીકે સ્વીકારું છું.'

સત્યકામ ભણીને મહાન આચાર્ય થયા. તેનો સઘળો યશ તેમની માતાની સત્યનિષ્ઠાને જાય છે. સત્યમેવ જયતે નાન્યર્તમ - સત્યનો જ વિજય થાય છે, અસત્યનો ક્યારેય નહિ.

સત્ય અર્થાત્ પરમાત્મા. આ અસ્તિત્વમાં જે કંઈ પણ થઇ રહ્યું છે. ભારતની ઋષિ પરંપરાની પૂરી બોધસંપત્તિ આ એક સૂત્રમાં સમાયેલી છે. જીવનમાં જે કંઈ પણ પરિસ્થિતિ સર્જાય તેને પરમાત્માની ઈચ્છા સમજીને સ્વિકારી લેવી એટલે સત્ય પ્રત્યે સમર્પણ. જબાલા સત્ય પ્રત્યે સમર્પિત થઇ અને સત્યના સહારે તે ભવસાગર પાર ઉતરી ગઈ.

છાંદોગ્ય ઉપનિસદની આ વાત, એક સત્યનિષ્ટ માતા પોતાના સંતાનને કેટલે ઊંચે પહોંચાડી શકે છે તેનું આદર્શ ઉદાહરણ છે. હંમેશના માટે યાદ રાખવા જેવું છે કે સત્ય જ કલ્યાણકારી છે. અને, જે કલ્યાણકારી છે તે જ સુંદર છે.

**સત્યમ્ શિવમ્ સુન્દરમ્.**

# જીવનમાં સુખી થવું હોય તો સંતોષ રાખજો

**સંકલન: ડૉ. મગનભાઈ પટેલ**

વિશ્વની સંપત્તિમાં વૃદ્ધિ થાય તેના માટે ભાવ કે દુર્ભાવ ન રાખવો. અભિમાન ક્યારેય ન કરશો. શરીર હંમેશા સારું રાખો. પ્રારબ્ધના બળે જે મળે તેમાં સંતોષ રાખો. ચિંતા ન કરવી. આપણો સ્વભાવ એવો છે કે સો વાળા બનીયે તો હજાર વાળા બનવું છે. હંમેશા પ્રભુએ જે આપ્યું છે તેમાં સંતોષ રાખો. જેટલું પ્રભુ આપે તેટલામાં સુખ માનો. ભાવથી સમજણ રાખો. ક્યારેય અણગમતા શબ્દો ન બોલો. વ્યવહાર જરૂર કરો પણ ભગવદકાર્ય સમજીને કરવાનું રાખશો.

ભગવાન તો સુખના સાથી છે. સંસાર રૂપી સંતોષ રાખીયે તો જ સંપત્તિવાન બની શકાય છે. હંમેશા પ્રભુને સમજવા અને પુરી ભાવના કરી ભજન જ સાચો વિધિ છે. મનનો આનંદ મેળવો. કામ એવું કરો જેથી પાછળથી પસ્તાવું ન પડે. મનુષ્ય જીવન આપણને મળ્યું છે. હંમેશા ભગવાનમાં દૃઢ શ્રધ્ધા રાખો. નિષ્ઠાથી કામ કરો. સમયની અનુકૂળતા મુજબ કામ કરો. પ્રભુએ તો લખ્યું જ છે. મનુષ્ય જીવનનું સાચું મોટું કાર્ય ધ્યેય જ આપે. વિષય વાસના ટાળો. સાચા દિલથી પુરા પ્રયત્નો કરો. અન્યના દોષો ક્યારેય ન જોશો. ઇન્દ્રિયોને હંમેશા ભગવાનની સેવામાં રાખો. તમારા કાર્યો નિષ્ઠાથી કરો. પ્રભુ તો ખુબ દયાળુ છે. તે હંમેશા જીવન જરૂરિયાત પુરે છે. હંમેશા સારું સ્વીકારવાનો આગ્રહ રાખો.

# મૂર્તિઓનો મહિમા



આપણે ખરેખર સદ્‌ભાગી છીએ. આપણું શ્રી જલારામ મંદિર મધ્ય ભાગમાં આવેલું છે તેથી સુગમતા રહે છે. આપણા સદ્‌ભાગ્યે સારા સેવાભાવી સત્સંગીઓ પણ મળે છે. મંદિરના મધ્ય ભાગમાં જલારામબાપાની

પ્રતિમા આવેલ છે. તેથી જલારામબાપાની મૂર્તિની આગળ પૂજ્ય ભોજલરામ મહારાજની ચિત્ર પ્રતિમા આવેલ છે. સાથે શ્રી રામ પ્રભુ, સીતામાતા તથા વિવિધ દેવોની મૂર્તિ શોભામાં વધારો કરે છે. સામે જ શ્રી કૃષ્ણ ભગવાનની તથા રાધાજીની પધરામણી થયેલી છે. એક બાજુ અલગ વિભાગમાં પૂજ્ય સાંઈબાબાની મૂર્તિની પણ પ્રતિષ્ઠા થયેલી છે તેથી દર્શનનો તમામને લાભ મળે છે.

આ રીતે સારા વ્યવસ્થિત લોકેશનમાં આપણું મંદિર આવેલું હોવાથી તમામને દર્શનનો લાભ સહેલાઈથી મળી રહે છે. થોડા સમય પહેલા જ પૂજ્ય રમેશભાઈ ઓઝા તથા અનેક સંતોએ પધારીને તેમની પવિત્ર વાણીનો લાભ આપીને ભક્તોને કૃતાર્થ કર્યા હતા.

**જય જલારામ**

***Jai Jalaram,***

***Please join to Celebrate "Shree Jalaram Jayanti" on Saturday, November 21, 2020. Puja and Bhajan Sandhya will be broadcast live. The link will be posted on the website.***

***: Program :***

***Puja -9:30 AM Onwards***

***Kalash Puja : Seva $ 501.00***

***Dhaja Puja : Seva $ 1111.00***

***Maha Puja : Seva $ 2501.00***

***Aarti : Seva $ 21.00***

***Mahaprasad : Seva $ 251.00***

***Bhajan Sandhya***

***Saturday, November 21, 2020***

***7:30 PM***

***Tulsi Vivah***

***Saturday, November 29, 2020***

***from 3:00 PM***

***: Yajman Seva :***

***Varpaksh : $ 251.00***

***Kanyapaksh : $ 251.00***

**Please visit our website for Darshan Timing**

# કોવિડ-19

કોરોનાવાયરસ રોગ (કોવિડ-૧૯) , એ એક ખૂબ જ ખતરનાક રોગ છે, જે કોરોનાવાયરસ તરીકે ઓળખાતા ઘણા વાયરસમાંથી એકને કારણે થાય છે. કોરોનાવાયરસ એ વાયરસનું એક મોટું જૂથ છે જે પ્રાણીઓ અને માણસોમાં બીમારીનું કારણ બની શકે છે.

ડિસેમ્બર 2019 માં તેની ઓળખ ચીનના વુહાનમાં થઈ હતી, અને હવે તે વિશ્વભરમાં ફેલાયો છે. આ રોગથી ચેપગ્રસ્ત લોકોની સંખ્યા દરરોજ વધી રહી છે. ડબ્લ્યુએચઓ (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન) ના જણાવ્યા મુજબ આજની તારીખ સુધી, આખા વિશ્વભરમાં ૨૧ મિલિયન થી વધારે કોવીડ-૧૯ ના કિસ્સાઓ થઇ ગયા છે અને ૭૫૨,૦૦૦ થી વધારે લોકો કોવીડ-૧૯ ના કારણે ગુજરી ગયા છે. આખા અમેરિકા માં ૫.૫ મિલિયન થી વધારે કોવીડ-૧૯ ના કિસ્સાઓ થઇ ગયા છે અને ૧૫૮, ૦૦૦ થી વધારે લોકો કોવીડ-૧૯ ના કારણે ગુજરી ગયા છે. આખા ભારત માં ૨.૫ મિલિયન થી વધારે કોવીડ-૧૯ ના કિસ્સાઓ થઇ ગયા છે અને ૪૮,૦૦૦ થી વધારે લોકો કોવીડ-૧૯ ના કારણે ગુજરી ગયા છે.

કોવિડ-૧૯ લોકોના કોઈપણ વય જૂથમાં થઈ શકે છે. તેમ છતાં, વૃધ્ધ લોકો, જેવા કે હાઈ બ્લડ પ્રેશર, હ્રદયરોગ, ફેફસાના રોગ, કેન્સર અને ડાયાબિટીસ થી પીડાતા લોગો ને વાયરસથી ગંભીર રીતે બીમાર થવાની સંભાવના વધુ હોય છે.

કોરોનાવાયરસ શ્વસન વાયરસ હોવાથી, તે ઉપલા શ્વસન માર્ગ અને નીચલા શ્વસન માર્ગ બંનેને ચેપ લગાવી શકે છે (ફેફસાંનો સમાવેશ કરે છે) જો તે તમારા ફેફસામાં જાય તો તે ન્યુમોનિયા પેદા કરી શકે છે. તે ઘણા બધા લક્ષણોનું કારણ બની શકે છે. કોવિડ-૧૯ ના લક્ષણોમાં તાવ, ઉધરસ, શ્વાસ લેવામાં તકલીફ, શરદીથી કંપન, માથાનો દુ:ખાવો, ગળામાં દુ:ખાવો, સ્વાદ કે ગંધમાં ઘટાડો, સ્નાયુઓમાં દુખાવો, ઝાડા, ઉબકા અથવા ઉલ્ટી સામેલ છે.

ચેપ લાગેલ વ્યક્તિ ને જ્યારે છીંક આવે અથવા ખાંસી આવે, અથવા વાત કરે ત્યારે એના મોંમાંથી નાના ટીપાં બહાર આવે, અને તમે તે ટીપાં શ્વાસ મા લો તેવી રીતે કોરોનાવાયરસ ફેલાય છે. દૂષિત સપાટીને સ્પર્શ કરીને પછી તમારી આંખો, નાક અથવા મો ને સ્પર્શ કરવાથી પણ વાયરસ થવાનું શક્ય છે.

જો તમને લાગે કે તમને કોઈ કોવિડ-૧૯ લક્ષણો છે અને ખાસ કરીને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગે, તો તે ખૂબ જ જોખમી છે. તેનો અર્થ એ કે તમારા

બધા શરીર ના અંગો જેવા કે હ્રદય, કિડની, ફેફસાંને પૂરતો ઓક્સજન નથી મળી રહ્યો. જો આપના હોઠ અથવા ચહેરો વાદળી દેખાવા માંડે, જો તમે ખૂબ મૂંઝવણ અનુભવો, તીવ્ર સુસ્તી હોય, અથવા જો તમને તમારી છાતીમાં દુ:ખાવો લાગે, <u>તો તમારે તરતજ 911 પર ફોન કરવો જોઈએ</u>. આ એક તબીબી કટોકટી છે, <u>ઇમરજન્સી છે</u>!

<u>કોવિડ-૧૯ ના ફેલાવાને રોકવા માટે કેટલીક સામાન્ય સાવચેતીઓ:</u>

- તમારે ઓછામાં ઓછી ૨૦ સેકંડ માટે તમારા હાથને સાબુ અને પાણીથી નિયમિત ધોવા જોઈએ.
- તમારી આંખો, નાક, મોં, અને હાથ ધોયા વગર સ્પર્શ કરવાનું ટાળો.
- જ્યારે તમે કોઇ સાર્વજનિક ક્ષેત્રમાં હોવ ત્યારે મોં અને નાકને માસ્કથી કવર કરો.
- જ્યારે તમે કોઈ મોટા મેળાવડામાં હો ત્યારે તમારી અને બીજાની વચ્ચે ૬ ફૂટનું અંતર રાખો.
- સામાન્ય રીતે સ્પર્શતી સપાટીઓને જંતુનાશક લાઈસોલ સ્પ્રે થી સાફ રાખો.
- બીમાર લોકો સાથે બિનજરૂરી સંપર્ક ટાળો.

ઘણા ડોકટરો અને નિષ્ણાતો, ગરમ પાણી સાથે લવિંગ, મરી, આદુ, અને હલ્દી પાવડર મિક્સ કરી પીવાનું સૂચન કરે છે. આ પાણી પીવાથી, તમારી રોગપ્રતિકારક શક્તિ મજબૂત બનશે અને કોરોનાવાયરસ સામે લડવામાં મદદ કરશે. દરરોજ સવારે અને સાંજે કુટુંબ સાથે બેસી ને પ્રાર્થના કરશો તો તમને માનસિક રીતે શાંતિ મળશે.

કોરોનાવાયરસ જેવા ખતરનાક રોગ થી લોકોને બચાવવા માટે હાલમાં કોઈ રસી નથી. વિશ્વભરની ઘણી કંપનીઓ રસી શોધવા માટે કામ કરી રહી છે. જ્યાં સુધી કોવિડ-૧૯ સામે અસરકારક રસી ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી આપણે પોતાને અને દેશ ને સુરક્ષિત અને સ્વસ્થ રાખવા માટે સખત મહેનત કરવી પડશે.

**જય જલારામ : આરતી ઠક્કર, ફાર્માસિસ્ટ**

# જલારામ કૃપા

જય જલારામ કૃપા

મેં જલારામબાપાની માનતા માનેલી કે મારા ફોઇ સુશીલાબેન ને ઢીચણમાં ઓપરેશન કરાવ્યું અને તમને જલારામબાપાની કૃપાથી સારું થઇ ગયું તે નિમિત્તે આ પરચો લખવું છું.

જલારામબાપાની અસીમ કૃપાથી મારા પુત્ર ઓમને યુનિવર્સિટી ઓફ અલાબામા બિર્મિંગહામની મેડિકલ કોલેજમાં એડમિશન મળી ગયું તે બદલ હું જલારામબાપાની આભારી છું તે નિમિત્તે આ પરચો લખાવું છું.

.

જલારામબાપાની અસીમ કૃપાથી મારા મોહો (મોઉથ)માં ચાંદી (અલ્સર) વારંવાર પડતી હોવાથી મેં જલારામબાપાની માનતા માનેલી તે તેમની કૃપાથી ચાંદી (અલ્સર) મોહો (મોઉથ)માંથી બિલકુલ મટી ગઈ છે તે નિમિત્તે આ પરચો લખાવું છું.

જય જલારામ

મારી દીકરીના લગ્ન હતા અને ઘણાબધા પ્રોબ્લેમ આવતા હતા. મેં જલારામબાપાનો પરચો છપાવવાની માનતા માની અને જલારામબાપા ની અસીમ કૃપાથી લગ્નનું બધુજ કામ સારી રીતે પાર પડી ગયું. જેમ જલારામબાપાએ મારા બધા કામ પાર પાડયા તેમ બધાને બાપાના પરચા સફળ થાય

જય જલારામબાપા રામભરોસે

શ્રધ્ધા ફળી

મારી દીકરીની - દીકરીને ( ગ્રાન્ડ ડોટર )ને સંડાશ કરવામાં બહુજ તકલીફ પડતી હતી. ખુબજ અપચો થઇ ગયો હતો. ત્રણ - ચાર દિવસથી સંડાશ જવાતું ન હતું મારી ગ્રાન્ડ ડોટર ફક્ત ૯ મહિનાની છે. મેં જલારામબાપાને યાદ કરી પરચો માન્યો અને પૂ.જલારામબાપાએ મને ખૂબ જ મદદ કરી. પૂ. જલારામબાપા અને પૂ. સાઈબાબાની કૃપાથી તેનું પેટ ક્લીઅર (Clear) થઈ ગયું. પૂ. જલારામબાપા અને પૂ. સાઈબાબાની અસીમ કૃપા અપરંપાર છે. મારો આ પરચો પૂ. જલારામબાપાનાં દર્પણમાં છાપી મને માનતામાંથી મુક્ત કરશો. બસ એ જ આપની દિકરીનાં - પરમભક્તનાં જય જલારામ.

જય જલારામ ૐ સાઈ
જીવનમાં ઘણી બધી તકલીફો આવી. હેલ્થ અને વેલ્થની પણ બધી પરિસ્થિથિમાં યાદ કર્યા. જલા, સાંઇ એક દિવસ બધું સારું કરશે. બાપામાં પૂરો વિશ્વાસ હતો ને આજે એ બધી તકલીફોમાંથી બહાર આવીને હવે બધુજ સારું છે. બાપા હંમેશા મારી અને મારા પરિવાર સાથે રહેજો આ સાથે યથાશક્તિ સાથે પરચો છાપી ઋણમુક્ત કરશો. કાઈ ભૂલ થઈ હોયતો  માર જલા, સાંઇ ક્ષમા કરશો.

એક સાઈ ભક્તના જય જલારામ, ૐ સાઈરામ

પૂજ્ય જલારામબાપાને કોટી કોટી પ્રણામ,
બાપા અગણિત ઉપકાર અમારી ઉપર તેનો કાયા શબ્દમાં આભાર માનવો, હાર્દિક ભાવના સાથે માનીયે છીએ. અમે હાલમાં ઘર લીધું તને ડીલ પણ થઈ ગઈ હતી પરંતુ કોઈક કારણસર ના પાડી અમારી ઈચ્છા પૂર્ણ કરવા આપની માનતા માની કે જો આ ઘરની ડીલ સારી રીતે પતિ જશે તો આપનો પરચો છપાવીશ. તો આ પરચો છાપી ને ઋણમુક્ત કરશો અને આપના આશીર્વાદ હંમેશા અમારી ઉપર રહે એજ પ્રાર્થના.

લિ. દર્શના

જય જલારામ
જલારામબાપા તમારો પરચો મેં માનેલો હતો મારા સનને સારું થઈ ગયું છે. મારી આશા પુરી થઈ ગઈ છે. સૌના ઉપર કૃપા વરસાવજો તેવી પ્રાર્થના કરું છું. મારુ પણ રિજલ્ટ સારું બતાવી રહ્યું છે. આજે તમારા દર્શન કરી જાઉં છું.

- જય જલારામબાપા

શ્રીમતી ગંગાબેન આણંદથી લખે છે. પૂ. બાપાની કૃપાથી તેમના અનેક કાર્યો સિધ્ધ  થયા છે મુસીબત ના સમયમાં પૂ. બાપા હંમેશા મદદરૂપ બની સૌની રક્ષા કરે છે. હું હંમેશા પૂ. બાપાને યાદ કરું છું.હું દાદરેથી પડી ગઈ હતી એટલે મને પાછળનો ભાગ ઘણી વખત દુઃખતો હતો ઘણીજ વખત હું ડૉક્ટર પાસે ગઈ પણ દુઃખાવો ઓછો થયો નહિ એટલે મેં પૂ. બાપાનું સ્મરણ કરી પરચો

છપાવવાનો અને ભેટ મુકવાનો નિર્ણય કર્યો હતો પૂ. બાપાની કૃપા થી સારું થઈ ગયું છે.

પરમ પૂજ્ય જલારામબાપાના ચરણોમાં કોટી કોટી વંદન
બાપાની કૃપાથી મારો દીકરો પરીક્ષામાં ઉત્તીર્ણ થયો છે અને તેને સારી નોકરી પણ મળી છે બાપા, તેને ઉત્તરોત્તર પ્રગતિ કરાવે અને સુંદર, સુશીલ, ગુણવાન અને પ્રેમાળ પત્ની અર્પણ કરે તેનું જીવન સુખી બનાવે અને તમારી સેવામાં તેમનું જીવન પરિપૂર્ણ કરે તેવો ભાવ પ્રગટાવે તે જ બાપાને અમારા સૌની હૃદયપૂર્વકની પ્રાર્થના છે. અમારો પરચો છાપી અમને કૃતાર્થ કરશો બાપા અમારી અને સૌની મનોકામના પરિપૂર્ણ કરે જ છે. આ સાથે યથાશક્તિ ભેટ અર્પણ કરું છું.

પ્રિય ભક્તજન

શ્રધ્ધા ફળી
મારી ગ્રાન્ડ ડોટર (Grand Daughter)ને ૧૦૩ ડિગ્રી તાવ આવેલો હું ખૂબ જ ચિંતામાં પડી ગઈ. તેને ડૉક્ટર પાસે લઇ ગયા ડોક્ટરે તેને દવા આપી. મેં પૂ. જલાબાપાને યાદ કર્યા કે મારી ગ્રાન્ડ ડોટરને તાવ ઉતરી જશે તો હું શ્રી જલારામ દર્પણમાં પરચો છપાવીશ. પૂ. જલાબાપા અને પૂ. સાઈબાબાની કૃપાથી મારી ગ્રાન્ડ ડૉટરને તાવ ઉતરી ગયો અને તે ખુબ જ સારી રીતે રમતી થઈ ગઈ. પૂ. જલાબાપા અને પૂ. સાઈબાબાની કૃપા અપરંપાર છે. શ્રી જલારામ દર્પણમાં આ પરચો છાપીને અમોને ઋણમુક્ત કરશો.

બસ એજ આપની દીકરીના જય જલારામ.

મારા પગે સોજો આવ્યો હતો. પાંચ પાંચ ડોક્ટરને બતાવવા છતાં કોઈ ડૉક્ટર નિર્ણય લઇ શક્યા ન હતા પરંતુ પૂ. જલારામબાપાએ મને મટાડી દીધું એટલે પૂ. બાપાનો જેટલો ઉપકાર માનીયે એટલો ઓ છો છે. આવી કૃપા કાયમ વરસાવતા રહેજો.

રામભરોસે

પરમ પૂ. બાપાની અસીમ કૃપાથી અમારા સુપુત્રને તેની મનગમતી જોબ મળી ગઈ છે. એ બદ્દલ પરમ પૂ. બાપાને કોટી કોટી ધન્યવાદ.પરમ પૂજ્ય જલારામબાપાને લાખ લાખ વંદન.

પૂજ્ય જલારામબાપાને કોટી કોટી વંદન અને પ્રણામ,
પૂજ્ય જલારામબાપા ઉપર અમોને ખુબજ શ્રધ્ધા અને વિશ્વાસ છે. અમોએ બાપાની માનતા માની અને બાપાની કૃપાથી અમારા માનેલા બધાજ કામ પૂર્ણ થયા છે. બાપાના ચરણોમા લાખો લાખો અમારા વંદન અમોએ પરચો છપાવવાની માનતા માની હતી તો આ સાથે યથાશક્તિ ભેટ મોકલી છે તે સ્વીકારી લેશો અને અમોને ઋણમુક્ત કરશો. જલારામબાપા અમારી પાર્થના છે અમારા ભાણાના લગ્ન પણ થઈ ગયા છે અને આ માનતા પણ બાપાએ પુરી કરી છે તો આ સાથે મોકલેલ ભેટ સ્વીકારી લેશો. બસ એજ ઘરના બધાના જલારામબાપાને પ્રણામ.

પૂ. જલારામબાપાની ચરણાર્વિન્દમાં મારા કોટી કોટી પ્રણામ, વંદન. પૂ. વીરબાઈમાતાના મારા કોટી કોટી પ્રણામ, વંદન.
આ સાથે મને થયેલો પૂ. બાપાનો એક પરચો લખી પૂ. બાપાને નાની ભેટ ધરાવી બાપાના ચરણોમાં ધરાવું છું.

એક દિવસ મારી દિકરી ફરવા માટે L A ગઈ હતી. પાછા આવતા મારી દીકરીની તબિયત એકદમ ખરાબ થઈ ગઈ હતી. તેને હોસ્પિટલમાં દાખલ કરવી પડી હતી મેં મનોમન શ્રધ્ધાથી પૂ. બાપાને યાદ કરી ખુબજ પ્રાર્થના કરી હતી. બે દિવસમાં જરૂરી સારવાર સાથે તેની તબિયત ઘણી સારી થઈ ગઈ હતી. તે હેમખેમ સારી રીતે ઘરે આવી ગઈ હતી. પછી અહીં આવ્યા પછી બધા ટેસ્ટ અને જરૂરી સારવાર સાથે અત્યારે એને ખુબજ સારું થઈ ગયું છે. આ માટે મેં બાપનો પરચો છપાવવાની અને ભેટ આપવાની બાધા રાખી હતી. તો મારો પરચો જલારામ દર્પણમાં છપાવવાની મારી ઈચ્છા પુરી કરવા મહેરબાની કરશો. આ સાથે બાપાને યથાશક્તિ ભેટ પણ ધરાવી રહી છું.

આ ઉપરાંત જિંદગીની નાની-મોટી મુશ્કલીમાં બાપા જરૂર આમારી ઉપર

કૃપા કરે છે. મારી જેમ દરેક હરિભક્તો ઉપર બાપા સદાય રાજી રહે તેવી હું બાપાને પ્રાર્થના કરું છું.

એક જલારામ ભક્તના જય જલારામ

જલારામબાપા - જય અંબેમા

મારા દીકરા દર્શન દેસાઈને એન્જીન્યરીંગ કોમ્પ્યુટર સાયન્સ અર્બાના શેમ્પિઅનમાં એડમિશન મળી ગયું છે.મારા દીકરાની ઈચ્છા હતીકે મને એડમિશન શેમ્પિઅનમાં મળે અને મારી માં અંબા અને બાપાએ ઈચ્છા પુરી કરી મારો દીકરો ખુબજ ખુશ અને કુટુંબમાં બધાજ ખુશ થઈ ગયા છે. મારી દીકરીની તબિયત પણ સારી રહેતી નથી. બાપા અને અંબામાને વિનંતી છે કે જરૂર થી આપ કૃપા કરજો અમે શ્રધ્ધા અને વિશ્વાસથી જીવન જીવીએ છીએ અને વિશ્વાસ છે કે મારી બાપા બધુ જ સારું કરશે જ એજ હૃદયપૂર્વકના સાદર પ્રણામ મારી અંબામાને અને બાપાને.

ઘણા વર્ષો પહેલા થયેલી શારીરિક તકલીફ ચિંતા જનક હતી, બાપાની માનતા અને કૃપાથી મેડિકલ રિપોર્ટ નોર્મલ આવેલો અને તકલીફ પણ દૂર થઈ ગઈ.

એવીજ રીતે બાપાની કૃપાફરી થઇ ૨૦ વર્ષથી જ્યાં (પોસ્ટઑફિસ)માં નોકરી કરતો હતો ત્યાં દિવસ (સવાર)ની નોકરી ત્યાંના નિયમો પ્રમાણે મેળવવી મુશ્કેલ હતી, અને હવે મારે પરિસ્થિતિ પ્રમાણે જરૂર હતી. બાપાની માનતા રાખી ગુરુવાર ભરવાની અને દર્શન આવવાની બસ ન મનાય તેવો ચમત્કાર થઈ ગયો જે શક્ય નહતું તે શક્ય થઈ ગયું. છેલ્લા બે વર્ષથી સવારની નોકરી કરું છું. તમારો ખુબ ખુબ આભાર શ્રી જલારામબાપા.

રમેશ પટેલ

મારા જલારામબાપાની જય હો, જય જલિયાણ વીરપુરવાળા બાપાની જય હો બાપાએ મને ઘણી હિમત અને આશિષ આપ્યા છે એ મને કઠિનાઈઓમાંથી બહાર લાવે છે. ત્રણ પરચા માન્યા હતા. ૧) મારી બાને ખાવામાં તકલીફ થતી હતી. ૨) મને હેડ ડિઝઈનેસ્સ (ચક્કર)નો. ૩) હાથમાં ગાંઠ થઈ ગઈ અને બધા રિપોર્ટ્સ નોર્મલ આવે તેવો આ બધા પરચાઓમાંથી બાપા મને સારા સમાચાર

આવેલ છે. તો આ માનતાઓમાંથી ઋણમુક્ત કરો. જય જલારામ

કિરીટ પટેલ

જય જય શ્રી જલારામબાપા

જલારામબાપાની કૃપા અપરંપાર છે અમારા પર, મારી અને મારા પતિની બ્લડ ટેસ્ટ માટે હું ખુબજ ચિંતિત હતી. પણ બાપાની કૃપાથી રિપોર્ટ બધાજ નોર્મલ આવ્યા. મારા દાંત તૂટી જવાથી પણ હું બહુજ ગભરાતી હતી પણ બાપાની કૃપાથી સારા ડેન્ટિસ્ટ મળી ગયા અને મારી ચિંતા પણ ગઈ. બસ બાપા હંમેશા આવી કૃપા કરતા રહે અને આશીર્વાદ આપે એવી પાર્થના છે. આશા છે આ પરચાને આપ છાપવા માટે મહેરબાની કરશો

શિલ્પા મહેતા - જય જય જલારામબાપા

મારી પૌત્રીને તાવ આવેલો અને મને ખુબ જ ચિંતા થવા માંડી. મેં પૂ. જલારામબાપા અને પૂ. સાંઈબાબાને અંતરથી પ્રાર્થના કરી કે મારી પૌત્રીને તાવ ઉતરી જશે તો પૂ. જલારામબાપાના દર્પણમાં પરચો છપાવીશ. પૂ. જલારામબાપા અને પૂ. સાંઈબાબાની કૃપાથી મારી પૌત્રીને તાવ ઉતરી ગયો અને ખુબ સરસ રીતે રમવા માંડી. પૂ. બાપાની અને પૂ. બાબાની કૃપા અપરંપાર છે. જલારામ દર્પણમાં આ પરચો છાપીને મને ઋણમુક્ત કરશો.

મારી પૌત્રીને પેટમાં કબજીયાત થઇ ગયો હતો. તેને સંડાસ જવામાં બહુજ તકલીફ પડતી હતી. મેં પૂ. જલારામબાપા અને પૂ. સાંઈબાબાને યાદ કર્યાં કે મારી પૌત્રીને પેટ ચોખ્ખું થઇ જશે અને તેની તકલીફ દૂર થશે તો પૂ. જલારામબાપાના દર્પણમાં પરચો છપાવીશ. પૂ. જલારામબાપા અને પૂ. સાંઈબાબાની કૃપાથી મારી પૌત્રીને જે તકલીફ હતી તે દૂર થઇ ગઈ. પૂ. બાપાની અને પૂ. બાબાની કૃપા અપરંપાર છે. જલારામ દર્પણમાં આ પરચો છાપીને મને ઋણમુક્ત કરશો.

મારા દીકરાને હોઠ પર ફોલ્લી થઈ હતી. મેં પૂ. જલારામબાપા અને પૂ. સાંઈબાબાને અંતરથી પ્રાર્થના કરી કે  મારા દીકરાને ફોલ્લી મટી  જશે તો પૂ.

જલારામબાપાના દર્પણમાં પરચો છપાવીશ. પૂ. જલારામબાપા અને પૂ. સાંઈબાબાએ મારી પ્રાર્થના સાંભળી અને મારા દીકરાને ફોલ્લી મટી ગઈ. પૂ. બાપાની અને પૂ. બાબાની કૃપા અમારા પરિવાર ઉપર ખુબજ છે. જલારામ દર્પણમાં આ પરચો છાપીને મને ઋણમુક્ત કરશો.

સવિનય સાથે જણાવતાં આનંદ થાય છે કે આજથી દશ મહિના પહેલા મારી દીકરીનો સ્ટોર બાસ્કીન રોબિન્સ વેચવા માટે વિચાર કર્યો હતો. ત્યારે મેં શ્રી જલારામબાપાને યાદ કરીને ખરા મનથી બાધા રાખી હતી કે તેનો સ્ટોર જલ્દી વેચાઈ જાય તો મંદિરે દર ગુરુવારે ચાલીને દર્શન કરીશ અને યથાશક્તિ ભેટ મુકીશ. આજે શ્રી જલારામબાપાએ મારી માનતા પુરી કરી છે. આજે બાપાને ત્યાં મારી માનતા પુરી કરીને બંધનમાંથી મુક્ત થાઉં છું. હર હંમેશા તમારા દર્શન માટે આવીશું અને તમારી છબી હંમેશા અમારા હૃદયમાં રાખવાની ભાવના કરું છું.

**<u>તા.ક.</u>**

આપને જો કોઈ સ્વાનુભાવ (પરચો) થયો હોય તો જરૂરથી લખીને મોકલશો. સમય અને જગ્યાની અનુકુળતાએ જલારામ દર્પણમાં જરૂરથી છાપવામાં આવશે.

## || જલારામ દર્પણ ભેટ યોજના ||

**આપની ભેટ બદલ શ્રી જલારામ મંદિર આપનો હાર્દિક આભાર વ્યક્ત કરે છે અને બાપાના ચરણોમાં પ્રાર્થના કરે છે કે સર્વેને તન, મન અને ધનથી સુખી કરે અને આવી સેવા કરવાની પ્રેરણા હંમેશા આપતા રહે.**

| | |
|---|---|
| રામભરોસે | $ ૨૧:૦૦ |
| ગગનબેન પટેલ | $ ૨૫:૦૦ |
| રામભરોસે | $ ૨૨:૦૦ |
| કિશોર/આનંદી ઠક્કર | $ ૫૧:૦૦ |
| કાશ્મીરા ગાંધી | $ ૧૫૧:૦૦ |



**Shree Jalaram Mandir**
425 Illinois Blvd.
Hoffman Estates, IL 60169
Ph: 847-490-JALA (5252)
www.shreejalarammandir.org

Non-Profit Org.
U.S. Postage
PAID
Schaumburg, IL
Permit No. 183

To,